# પુનિત વન પાસે એક સાપ બીજા સાપને ગળી ગયો

## લગભગ ચાર ફૂટના મજબૂત બાંધાના સાપે આશરે સાડા પાંચ ફૂટ લાંબા પાતળા દેશી નાગ જેવા સાપને મારી ગળી ગયો : સાંજના ૫ થી ૬ દરમ્યાન બનેલી આ ઘટનાને એક નગરજને નજરે નીહાળી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સેક્ટર-૧૯માં આવેલ પુનિતવન નજીક આજે સાંજના ૫ વાગ્યાની આસપાસના સુમારે બનેલી એક ઘટનામાં બે સર્પો વચ્ચે અથડામણ થઈ હતી અને અંતે એક સાપ બીજાને મારીને તેને ગળી ગયો હતો. આ ઘટનાને નજરે નિહાળનાર એક નગરજને તેને પોતાના મોબાઈલ કેમેરા વડે વીડીયોમાં કંડારી લીધી હતી.

પુનિતવન તેની હરિયાળીના કારણે સુપ્રસિદ્ધ છે. આ હરિયાળીમાં અનેક જીવો કુદરતી રીતે વસવાટ કરી રહ્યા છે. આ ઉદ્યાનમાં વિહાર કરવા આવતા મુલાકાતીઓને ઘણી વખત આ જીવોનો પ્રત્યક્ષ અનુભવ થતો રહે છે. આજે સાંજના પોણા પાંચ વાગ્યાના સુમારે એક નગરજન પુનિત વન આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે બે સર્પોને એકબીજા પર હુમલો કરી મારામારી કરતા નજરે પડ્યા હતા. આ બંને સર્પના એક આશરે સાડા ત્રણ થી ચાર ફૂટનો મજબૂત બાંધાનો અને આક્રમક સાપ હતો જ્યારે બીજો આશરે પાંચ થી સાડા પાંચ ફુટ લાંબો પાતળો દેશી નાગ જેવો સાપ હતો. પેલા મજબૂત સાપે થોડીક વારની લડાઈમાં પાતળા સાપને મરણતોલ હાલતમાં લાવી દીધો હતો. આ દરમ્યાન કેટલાક લોકોપણ ત્યાં એકત્ર થઈ ગયા હતા અને તેમાંથી એકે તેની પાસેની લાકડી વડે બંને સાપને છુટા પાડ્યા તેમજ પેલા મજબૂત બાંધાના સાપને ભગાડ્યો હતો જે નજીકના એક વૃક્ષ પર ચઢી ગયો હતો. જ્યારે પાતળો સાપ તેને પડેલા અસંખ્ય મરણતોલ ઘાને લીધે ત્યાં જ પડી રહ્યો હતો. બંને સાપ છુટા પડી જતા લોકો પણ ત્યાંથી વિખેરાઈ ગયા હતા.

આશરે અડધા પોણા કલાક પછી પેલા નગરજન પોતાનું કાર્ય પતાવી પરત ફરી રહ્યા હતા ત્યારે ફરી તેમણે પેલા મજબૂત સાપને પાતળા સાપને ખેંચી જતો જોયો. કુતુહલતાવશ તેમણે આ સાપનો પીછો કર્યો તો એ મજબૂત સાપ પેલા મરણ પથારીએ પડેલા દેશી નાગ જેવા પાતળા સાપને ઘસડીને ઝાડીમાં લઈ ગયો અને ત્યાં તેને ગળવાનું ચાલુ કરી દીધી. જોત જોતામાં પોતાનાથી પણ લાંબા સાપને આ મજબૂત બાંધાના સાપ આખે આખો ગળી ગયો હતો. આ દૃશ્ય જોઈને પેલા નગરજન તો અચંબિત થઈ ગયા હતા અને તેમણે પોતાના મોબાઈલના કેમેરા વડે આ સાપને ગળવાની ઘટનાનો વીડીયો ઉતારી લીધો હતો.



વાઈબ્રન્ટ સમિટ માટે નગરના માર્ગોનું નવીનીકરણ ગાંધીનગરમાં યોજાનાર ગ્લોબલ ઈનવેસ્ટર્સ વાઈબ્રન્ટ સમિટના પગલે નગરના બ્યુટીફિકેશનનું કાર્ય જોર શોરથી ચાલી રહ્યું છે. આ કાર્ય અંતર્ગત નગરના માર્ગોનું પણ નવીનીકરણ થઈ રહ્યું છે. સે-૩૦ પાસેના ઘ-૭ થી એરફોર્સ સર્કલ પરના રોડને નવો બનાવવા તેના પોપડાં ઉખેડી નાંખવામાં આવ્યાં છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# મચ્છી ખરીદવા ગયેલા ગ્રાહકને છરો ઝીંકી દીધો : આંગળી કપાઈ

## દોલારાણા વાસણા ગામે મચ્છી ખરીદવા ગયેલ ગ્રાહકને દુકાનદાર સાથે મચ્છીના પૈસા બાબતે બોલાચાલી થતાં દુકાનદારે છરો ફેરવી દીધો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીકના દોલારાણા વાસણા ગામે મચ્છી માર્કેટમાં મચ્છીના રૂપિયા લેવા બાબતે દુકાનદારે ગ્રાહક પર મચ્છી કાપવાનો ધારદાર છરો ફેરવી હાથની આંગળી કાપી નાખી લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી. છૂરાબાજીની ઘટનાને લઈ મરાકટેમાં સનસનાટી ફેલાઈ જવા પામી હતી. ચિલોડા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ દ્વારા મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક દોલારાણા વાસણા ગામે રહેતા લાલાજી ભલાજી ચૌહાણ (ઠાકોર) તેમના મિત્ર સાથે નજીક આવેલ મચ્છી માર્કેટમાં ગોવિંદ ઉર્ફે ભલાજી દંતાણીની દુકાને મચ્છી લેવા ગયા હતા. જ્યાં દુકાનદાર ગોવિંદ દંતાણી સાથે મચ્છીના પૈસા લેવા બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમાં આ બોલાચાલી વધુ ઉગ્ર બનતા ગોવિંદ દંતાણી પોતાની પાસે રહેલ મચ્છી કાપવાનો દારદાર છરો ગ્રાહક લાલાજીના હાથ પર ખેંચીને મારી દેતા જમણા હાથની પહેલી આંગણી શરરથી જુદી કરી નાંખી હતી અને બીજો ઘા મારતા અંગુઠો ચીરી નાખ્યો હતો. બાદમાં ગ્રાહક પર લાકડી વડે હુમલો કરી લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી. આથી તાબડતોબ ઘાયલ ગ્રાહકને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ છુરાબાજીની ઘટનાથી માર્કેટમાં આસપાસ ભારે સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો. આ સંદર્ભે ચિલોડા પોલીસે આરોપી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. જે. બી. ચાવડા ચલાવી રહ્યા છે.

# શહેરમાં ચેન સ્નેચરોને ઝડપી પાડવા પોલીસ ખાનગી વેશમાં વૉચ કરશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં વધી રહેલા ચેન સ્નેચીંગના બનાવોને અટકાવવા અને ચેન સ્નેચરોને ઝડપી પાડવા પોલીસ પણ વાઈબ્રન્ટ મોડમાં આવી ગઈ છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ધોળે દિવસે મહિલાના ગળામાંથી સોનાના દોરા ખેંચાવાના બનાવો વધી રહ્યા છે. હંમેશા પોલીસથી બે કદમ આગળ રહેતા ચેન સ્નેચરો પોલીસ પકડથી દૂર છે ત્યારે શહેરમાં વધતા જતા ચેન સ્નેચીંગના ગુનાઓને અટકાવવા પોલીસ ખાનગી વેશમાં સતત વૉચ રાખશે અને શંકાસ્પદ વ્યક્તિઓની પણ પૂછપરછ કરશે.

શહેરમાં વધતા જતા ગુનાઓને અટકાવવા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જિલ્લાના તમામ પોલીસ મથકની હદમાં જાહેર અને આંતરિક માર્ગો પર ખાનગી વાહન અને ખાનગી વેશમાં સતત પેટ્રોલીંગ કરવા જણાવવામાં આવ્યું છે. આથી પોલીસના કેટલાક જવાનો દિવસ-રાત સુમસાન વિસ્તારોમાં સઘન ચેકીંગ કરશે જ્યારે શંકાસ્પદ વાહન અને વ્યક્તિઓની પણ પૂછપરછ કરશે.

# આજે ગાંધીનગરમાં પત્રકારત્વ પર પરિસંવાદ

ગાંધીનગર, તા. ૮

-ાદેશિક માહિતી કચેરી, અમદાવાદ અને જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે માસ કોમ્યુનિકેશન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગતિશીલ ગુજરાત અને સાં-ત પત્રકારત્વ વિષયક સેમિનાર તા. ૦૯/૧૨/૧૪ના રોજ સવારના ૧૦ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ હોલ, ચ-૫ સર્કલ પાસે, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

આ સેમિનારમાં વરિષ્ઠ પત્રકાર શ્રી નરેશ દવે અને જાણીતા પત્રકાર, લેખક અને ગુજરાત કનેકશન, ઓસ્ટ્રેલિયાના તંત્રી શ્રી રમેશભાઈ તન્ના -ાસંગિક ઉદ્બોધન કરશે. આ સેમિનારમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના આમંત્રિત પત્રકારો ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન -ાદેશિક માહિતી કચેરી, અમદાવાદના સંયુક્ત માહિતી નિયામક શ્રી મહેશકુમાર રાણાના માર્ગદર્શન હેઠળ જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક શ્રી -જ્ઞાબેન પટેલ અને સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું છે.

# ચેક પરત થવાના કેસમાં આરોપીને એક વર્ષની કેદ

## શેરબજારમાં ટ્રેડીંગ દરમિયાન આર્થિક ભીંસમાં મુકાયેલા આરોપીએ ૨ લાખ ઉછીના લીધા હતા

ગાંધીનગર, તા. ૮

ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની કેદની સજા તેમજ રૂ. ૧૫ હજાર દંડ ભોગવવા આદેશ કર્યો છે.

અજય ચંદુભાઈ પટેલે સે. ૧૬ સ્થિત શિવમ કોમ્પલેક્ષમાં શેરખાન નામે શેરબજારનો ધંધો શરૂ કર્યો હતો. જ્યારે શેરબજારમાં ટ્રેડીંગ માટે આ કેસના આરોપી હાર્દિક અરવિંદભાઈ પટેલ (રહે. રાંધેજા)એ અઢી વર્ષ અગાઉ પોતાનુ એકાઉન્ટ ખોલાવ્યું હતું. ત્યારબાદ આરોપી આ ખાતાના આધારે શેરબજારમાં ટ્રેડીંગ કરતા હતા. આ દરમિયાન તેમની વચ્ચેનો વ્યવહારિક સંબંધ મિત્રતામાં ફેરવાયો હતો. જેના લીધે પૈસાની લેવડ-દેવડ પણ થતી હતી. માર્ચ-૨૦૧૨માં આરોપી આર્થિક ભીંસમાં હોવાથી તેવો અજયભાઈ પાસેથી રૂ. ૨ લાખ ઉછીના લીધા હતા. ચેક મારફતે લીધેલી આ રકમ સામે આરોપીએ પણ લેણી રકમ સંદર્ભે ચેક આપ્યો હતો પરંતુ આ ચેક અપૂરતા ભંડોળના લીધે બેંકમાંથી પરત થયો હતો. જેના અંતે તેની વિરૂદ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ અન્વયે કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ગાંધીનગરની ચોથી એડી. ચીફ. જ્યુ. મે.જી. કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ તરીકે બી.આર. શર્માએ દલીલો કરી હતી. જે દલીલો અને પુરાવાને ધ્યાને લઈ જજ એચ.એસ. દવેએ આરોપીને ૧ વર્ષની સજા તેમજ રૂ. ૧૫ હજાર દંડ ભોગવવા હૂકમ કર્યો છે.




આખરે એસ.ટી. પાર્કિંગમાં 'નો પાર્કિંગ' ઝોનમાં વાહનો આડેધડ પાર્ક કરવાનાં વિરૂધ્ધની કાર્યવાહી અસરકારક સાબિત થઈ. વાહનો સુવ્યવસ્થિત પાર્કિંગ કરાવી દેવાયા છે. પણ હજુય 'પોલિસ' અને એસ.ટી. 'સ્ટાફ' એવો રોફ ઉતરી જાય તો ખુબ જ સારી વાત છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ યોજાયા

ગાંધીનગર, તા. ૮

દેશભરમાં અને ગુજરાત સહીત ગાંધીનગરમાં પણ તા. ૬ ડિસેમ્બરે નાગરિક સંરક્ષણ દિન તરીકે નાગરિકોના ધ્યાને નાગરિક સંરક્ષણ એગેની જાગૃતિ કેળવવા માટે મનાવવામાં આવે છે.

ગાંધીનગર ખાતેતા. ૫-૧૨-૧૪ તથા ૬-૧૨-૧૪ના રોજ વિવિધ કાર્યક્રમો નાગરિક સંરક્ષણ દળ એકમ, ગાંધીનગર તથા ગૃહ રક્ષકદળના ગાંધીનગર એકમ દ્વારા વિવિધ કાર્યક્રમો કરી જનજાગૃતિનુ તથા દળના સભ્યો સાથે રહી ફરજ અને સેવા દ્વારા કાર્યક્રમોને આયોજન કરી ઉજવણી કરી હતી.

તા. ૫-૧૨ ના રોજ નાગરિક સંરક્ષણ દળ તથા ગૃહ રક્ષકદળના સભ્યો દ્વારા સ્વચ્છતાના ધર્મને નજરમાં રાખી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સફાઈ હાથ ધરી હતી અને ત્યાર બાદ બન્ને દળના સભ્યોની સિવિલ હોસ્પિટલની પેથોલોજીકલ લેબોરેટરી ખાતે બ્લડગૃપીંગ કરી પોતાનું લોહી કયા ગૃપનું છે તેની તપાસણી કરી હતી.

તા. ૬-૧૨-૧૪ ના રોજ નાગરિક સંરક્ષણ એકમ દ્વારા નાગરિકોમાં નાગરિકોની જનજાગૃતિ અને દળમાં જોડાવા જાગૃતિ કાર્યક્રમ સવારે ગાંધીનગર એસ.ટી. સ્ટેન્ડ ખાતે બેનરો અને પત્રિકા વિતરણ કરી લોકોના ધ્યાન પર નાગરિક સંરક્ષણ એકમ અંગે જાણકારી આપી હતી જે વખતે ચીફવોર્ડન અરૂણ બુચ, પી.આઈ. જાડેજા, ડેપો મેનેજર પટેલ, ડેપ્યુટી ચીફ વોર્ડન દીક્ષીત પટેલ સહીત પદાધિકારીઓ ઉપસ્થિત રહી લોકોને માર્ગદર્શન આપેલ.

સમગ્ર સંચાલન શ્રીમતી અંજના નીમાવત, કેશલ જાની, સતિષ પટેલ, નિરજભાઈ સહીત એકમના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો જેના પરિણામ રૂપે જ તેજ દિવસે નાગરિક સંરક્ષણ દળની કચેરી ખાતે અસંખ્ય લોકો દળમાં જોડાવાની તત્પરતા સાથે માહિતી મેળવવા મુલાકાત લીધી હતી. આગામી દિવસોમાં દળમાં જોડાવા ઉત્સુક લોકોની તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવશે જેની નાગરિકોને જાણ પણ કરવામાં આવી હતી.

આજ રીતે ગૃહરક્ષક દળ દ્વારા તા. ૬ ના રોજ માર્ચ પાસ્ટ, રૂટમાર્ચ, સહીત દેસાઈ અને ગાંધીનગર એકમ ગૃહરક્ષકદળ દ્વારા ઉજવી જનજાગૃતિ કરી હતી અને બન્ને દળ દ્વારા સરહદનુ રક્ષણ સૈનિક કરે અને નગરનું રક્ષણ નાગરીક કરે તેનો સંદેશો ફેલાવવામાં અને લોકો સુધી પહોંચાડવામાં સફળ રહ્યો હતો.

આ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન નાગરિક સંરક્ષણદળ હેડક્વાટર્સ, ગૃહરક્ષણ દળ નાગરિક સંરક્ષણ નિયંત્રક મોડીયા, પી.આઈ. જાડેજા, ગૃહ રક્ષકના દેસાઈ, ચીફ વોર્ડન અરૂણ બુચ, દીક્ષીત પટેલ સહીત સૌએ જહેમત ઉઠાવેલ. આગામી દિવસોમાં તાકીદની પરિસ્થિતિમાં ટેલીફોન પણ બંધ થાય ત્યારે હેમરેડીયો દ્વારા સંદેશાની આપલે કરવાની તાલીમ પણ નાગરિક સંરક્ષણદળને આપવા મુકરર કર્યુ હતુ.

# ગુજરાતના ખેડૂતોને ભાજપ તેના વાયદા મુજબ ૧૫૦૦ રૂ. ચુકવે

અચ્છે દિન આયેંગેનો વાયદો કરીને ખેડૂતોને ૧૫૦૦ રૂ.ના કપાસના ભાવ આપવાનું વચન આપીને સત્તામાં આવેલી ભાજપ સરકાર ખેડૂતોને પાયમાલ કરવા બેઠી છે. ગયા વર્ષોમાં ૧૪૦૦ સુધી કપાસના ભાવ કોંગ્રેસના રાજમાં હતા છતાં ભાજપના નેતા ગુજરાતના ખેડૂતોને કેન્દ્રની થપ્પડ કહેતા હતા હવે જ્યારે કપાસના ભાવ ૭૦૦ સુધીના તળીયે ગયા છે તો શું આપણે આને મોદી સરકારની ગુજરાતના ખેડૂતોને 'મહા થપ્પડ' ગણવી ? ડાંગર/મગફળી/ તલના ભાવ પણ તળીયે ગયા છે. બાર વર્ષમાં ઉત્પાદન ઓછુ અને ભાવ અડધો ? ભાજપ સરકારનો ખેડૂતોને પાયમાલ કરવાનો આ કારસો તો નથી ને ? આપણા કિશાનોને આ સવાલો સત્વરે ઉકેલવામાં સરકાર આનાકાની કરશે તો કિસાનોએ પોતાની શક્તિ અને સંગઠનનો પડઘો સરકારને બતાવવો પડશે.



## સંતની દિક્ષાતિથી સેવાકાર્યોથી મ્હેંકી

ગાંધીનગરના સે. ૨૩માં નિવાસ કરી રહેલા શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ દિક્ષા લીધી તેની ૫૮મી દિક્ષાતિથી પ્રસંગને તેમણે અનોખો સેવા યજ્ઞ તરીકે ઉજવ્યો હતો. આ દિવસે તેમણે નગરની સિવિલ હોસ્પિટલના તમામ દર્દીઓને ફળ વિતરણ કર્યા હતા અને સે. ૨૮ની બ્હેરા-મુંગા શાળા તેમજ સે. ૧૬ની અંધશાળામાં ફુડપેક્ટ્સનું વિતરણ કર્યુ હતુ. આ ઉપરાંત તેમણે નગરના ચબુતરાઓમાં અબોલ પંખીઓ માટે ચણ પણ અર્પણ કર્યું હતું. સમાજ જીવનની સેવામાં જીવન સમર્પિત કરનાર આ સંતની દિક્ષાતિથી આ સેવાકાર્યોથી મ્હેંકી ઉઠી હતી. (તસવીર : ભાવિન પટેલ)

# સેકટર-૪/સીમાં ૧૨મી ડિસેમ્બરથી રામકથાનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સેકટર-૪સી ખાતે આગામી તા. ૧૨મીથી ૨૦મી ડિસેમ્બર દરમિયાન કથાકાર સંજય ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રામકથા સેક્ટર-૪સીના રીંગ રોડ પાસે આવેલ કોમન ચોકમાં દરરોજ બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન યોજાશે. આ રામકથાના અમૃતનું રસપાન કરવા તમામ ધર્મપ્રેમી જનતાને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૧૧**
**સૂર્યાસ્ત : ૫.૫૩**

## તાપમાન

**મહત્તમ : ૩૧.૬ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૫૪ ટકા ● સાંજે ૪૨ ટકા**

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
એકશન જેકસન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**
એકશન જેકસન : ૧.૦૦, ૪.૦૦, ૯.૦૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૨.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૩ :**
ઉંગલી : ૧૦.૪૫, ૪.૧૫, ૧૦.૦૦
ઝીદ : ૧. ૧૫, ૭.૧૫

### સીટી પલ્સ

**: સ્ક્રીન-૧ :**
એકશન જેકસન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**: સ્ક્રીન-૨ :**
એકશન જેકસન : ૧.૪૫, ૪.૪૫, ૯.૩૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦

**: સ્ક્રીન-૩ :**
એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઈંગ્લીશ) ૩ડી : ૧૧.૩૦, ૨.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ધ હંગર ગેમ : ૫.૦૦

**: સ્ક્રીન-૪ :**
એકશન જેકસન : ૧૦.૦૦
ઝીદ : ૧.૦૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૪.૦૦
ઉંગલી : ૧૦.૦૦

**: સ્ક્રીન-૫ :**
એકશન જેકસન : ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૧૨.૦૦

**: સ્ક્રીન-૬ :**
એકશન જેકસન : ૪.૪૫
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦
ઉંગલી : ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન ડાહ્યાલાલ સુતરીયા (ઉ.વ.૭૯) પ્લોટ નં. ૧૧૨૭/૨, સેક્ટર-૩ડી, ગાંધીનગર
- સ્વ. દિલીપજી ચંદુજી ઠાકોર (ઉ.વ.૪૪) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. ગોપાલભાઈ લાલભાઈ પટેલ (ઉ.વ.૫૫) મુ. વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. નાયી જયંતિલાલ શંકરલાલ (ઉ.વ.૬૬) ૪/૪૧, એચ.આઈ.જી. સેક્ટર-૧૪, ગાંધીનગર
- સ્વ. સોની સાધનાબેન પંકજભાઈ (ઉ.વ.૬૨) પ્લોટ નં. ૧૬૪૧/૧, સેક્ટર ૨ડી, ગાંધીનગર